

आज़ादी का अमृत महोत्सव | ગુજરાત સરકાર

“ શાળા પ્રવેશોત્સવના અવસરે જે નાના નાના ભૂલકાંઓ પોતાના ઘરનું પગથિયું ઓળંગીને શાળાના પગથિયાંમાં પ્રવેશ કરે છે ત્યારે એ પોતાની સમાજયાત્રાની શરૂઆત કરે છે. ” - શ્રી નરેન્દ્ર મોદી, માનનીય પ્રધાનમંત્રી

## શાળા પ્રવેશોત્સવ

23-24-25 જૂન, 2022

# ગુજરાતનું શિક્ષણ શ્રેષ્ઠથી સર્વશ્રેષ્ઠ તરફ

## છેલ્લા બે દાયકાની સિદ્ધિઓ

**1,37,000** થી વધુ ક્લાસરૂમ નવા બન્યા

નવા ક્લાસરૂમ બનવાથી વિદ્યાર્થી પ્રતિ ક્લાસરૂમનું પ્રમાણ **40** થી સુધરીને **26**

## મિશન સ્કૂલ્સ ઑફ એક્સલન્સ

આગામી 5 વર્ષમાં રાજ્યની તમામ 40,000 સરકારી શાળાઓનું મજબૂતીકરણ થશે, જે પૈકી 20,000 શાળાઓને સ્કૂલ્સ ઑફ એક્સેલન્સમાં રૂપાંતરિત કરવામાં આવશે

**50,000** નવા ક્લાસરૂમ

**1,50,000** સ્માર્ટ ક્લાસરૂમ

**20,000** કોમ્પ્યુટર લેબ્સ

**5,000** STEM લેબ્સ

રૂ. 10,000 કરોડનો આ પ્રોજેક્ટ શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેનો દેશનો સૌથી વિશાળ પ્રોજેકટ છે જેનો લાભ સરકારી શાળાના બધાજ વિધાર્થીઓને મળશે



આજે

માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

અમદાવાદ ખાતે યોજાનારા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં હાજરી આપશે

## શિક્ષણને સમર્પિત 20 વર્ષ વધાવીએ, શાળા પ્રવેશોત્સવને ઉત્સાહથી ઉજવીએ

**આજનો સુવિચાર**

પ્રેમ કરવાનું તમારા હાથમાં રાખો, વેર લેવાનું ભગવાન ઉપર છોડી દો.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૧૬૫ જૂનાગઢ તા.૨૫-૦૬-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## જવેલરીને ઈ-વે બિલનાં દાયરામાં લાવવાની હિલચાલનો વેપારીઓ દ્વારા વિરોધ

નવી દિલ્હી,તા. ૨૫ : જેમ એન્ડ જવેલરીને પણ ઈ-વે બિલના દાયરામાં સમાવી લેવા માટેની ચર્ચા આગામી જીએસટી કાઉન્સીલની બેઠકમાં કરવામાં આવનાર છે. તેના કારણે જવેલરી ઉદ્યોગ સાથે સંકળાયેલાઓમાં ઉચાટની સ્થિતિ ઉભી થઈ છે. કારણે કે જવેલરી બતાવવા માટે જાય તો પણ ઈ વેબિલ બનાવવાની સ્થિતિ આ નિયમને કારણે સર્જાય તેમ છે. જ્યારે જવેલરી પાછી આવે તો તેને રીવર્સમાં કેવી રીતે બતાવવાની વ્યવસ્થા જ જીએસટી પોર્ટલ ઉપર કરવામાં આવી નહીં હોવાના કારણે જેવલર્સોએ જવેલરી બતાવવા માટે પણ જીએસટી ચુકવવો પડે તેવી સ્થિતિનું આગામી દિવસોમાં નિર્માણ થવાની શકયતા રહેલી છે. જીએસટી કાઉન્સીલની બેઠકમાં આ નિર્ણય બાબતે ઉહાપોહ શરૂ થયો છે.

## મહારાષ્ટ્રનાં રાજકારણમાં ધમાસાણ મચાવનાર શિંદે એક સમયે રાજકારણ છોડી ચુકયા હતા

મુંબઈ તા. ૨૫

મહારાષ્ટ્રમાં રાજકીય ધમાસાણ મચાવનાર શિવસેનાના નેતા એકનાથ શિંદેની જિંદગીમાં એક પળ એવી પણ આવી હતી કે, જ્યારે તેઓ એકદમ તૂટી ચૂકયા હતા. રાજકારણ સહિત બધુ છોડવાનો નિર્ણય લઈ લીધો હતો. એવું થયું હતું આજથી ૨૨ વર્ષ અગાઉ જૂન મહિનામાં સતારામાં થયેલી હોડી દુર્ઘટનામાં તેમની નજર સામે તેમના પુત્ર-પુત્રીનું ડૂબી જવાથી મોતથઈ ગયું હતું.

તેમના રાજકીય ગુરુ અને શિવસેનાના કદાવર નેતા આનંદ દીઘે જ તેમને રાજકારણમાં પાછા લઈ ગયા હતા. મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં ૯ ફેબ્રુઆરી, ૧૯૬૪નારોજ જન્મેલાએકનાથ શિંદેએ ઠાણેશહેરમાં આવ્યાબાદ ૧૧માં ધોરણ સુધી મંગળા હાઈસ્કૂલ અને જુનિયર કૉલેજ ઠાણેથી અભ્યાસ કર્યો હતો. શરૂઆતમાં એકનાથ શિંદે ઠાણેમાં ઓટો ચલાવતા હતા.

## આફ્રિકન દેશ ટયુનિશીયા બંધારણમાંથી ઈસ્લામને રાજયધર્મ તરીકેની માન્યતા સમાપ્ત કરશે

કેપટાઉન તા. ૨૫

આફ્રિકન દેશ ટ્યુનિશિયામાં તખ્તાપલટના એક વર્ષ બાદ દેશના રાષ્ટ્રપતિ કૈસ સઈદ એક બંધારણીય ડ્રાફટને મંજૂરી આપવા જઈ રહ્યા છે જે ઈસ્લામની રાજ્ય ધર્મ તરીકેની માન્યતા સમાપ્ત કરી દેશે. અહેવાલો અનુસાર, બંધારણનો ડ્રાફ્ટ દૃકરચ (૨૫ જૂન ૨૦૨૨) લોકમત માટે રજૂ કરવામાં આવશે. અહેવાલ મુજબ, દેશના રાષ્ટ્રપતિએ એરપોર્ટ ઉપર પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, 'ટ્યુનિશિયાના આગામી બંધારણમાં, ઈસ્લામ રાજ્યના સત્તાવાર ધર્મ તરીકે રહેશે નહીં, પરંતુ તે એક સમુદાય તરીકે રહેશે.' નોંધનીય છે કે ઉત્તાર આફ્રિકન દેશ ટ્યુનિશિયા મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ છે અને અત્યારસુધી અહીંના બંધારણમાં ઈસ્લામને રાજ્ય ધર્મ તરીકે અપનાવવામાં આવ્યો હતો. પરંતુ હવે દેશના રાષ્ટ્રપતિ કૈસ સઈદ ઈસ્લામને રાજ્યના ધર્મમાંથી બહાર કરવા માંગે છે. ટ્યુનિશિયા એવો દેશ છે જ્યાં બહુમતી મુસ્લિમ વસ્તી હોવા છતાં, ત્યાં ઈસ્લામિક કાયદા શરિયાનું પાલન થતું નથી.

# દેશમાં વરસાદની ૧૮ ટકા ખાધ : ગુજરાતમાં ૩૧ ટકા : વાવેતરને ફટકો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૫

ભારતમાં પૂર્વોત્તર રાજ્યો સિવાયના દેશનાં બાકીનાં કોઈપણ રાજયમાં હજુ સુધી ચોમાસાના અપેક્ષીત વરસાદ નોંધાયો નથી. પવનની દિશા વિપરીત હોવાના કારણે ઉત્તર-પશ્ચીમ ભારતનો વરસાદ પણ પૂર્વોત્તર રાજ્યોમાં ખેંચાઈ ગયો છે. દેશમાં વરસાદની ખાધ ૧૮ ટકાએ પહોંચી છે. ગુજરાત, મહારાષ્ટ્ર જેવા મધ્ય ભારતના રાજ્યોમાં જ સૌથી વધુ ખાધ રહી છે અને તેને પગલે વાવેતરને પણ ફટકો પડયો છે. અત્યાર સુધીનું સરેરાશ વાવેતર ગત વર્ષની સરખામણીએ ૨૪ ટકા ઓછુ હોવાનું સરકારી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

ભારતીય હવામાન વિભાગના સિનિયર વૈજ્ઞાનિક ડો. આર.કે. જેનામણીએ જણાવ્યું હતું કે ઉત્તર-પશ્ચીમ ભારતમાં પૂર્વિય પવનો વરસાદ ખેંચી લાવે છે પરંતુ હાલ પશ્ચીમી પવન ફૂંકાઈ છે અને તેને કારણે ઉત્તર ભારતમાં હજુ વરસાદ થયો નથી. દક્ષિણ-પશ્ચીમી પવનોને કારણે ઉત્તર ભારતનો વરસાદ પણ પૂર્વોત્તર ભાગોમાં ખેંચાઈ ગયો છે અને તેને કારણે પૂર્વોત્તર રાજ્યોમાં અત્યાધિક વરસાદ અને પૂર પરિસ્થિતિ સર્જાઈ છે. સમગ્ર ભારતમાં અત્યાર સુધીના વરસાદની ખાધ ૧૮ ટકા રહી છે જ્યારે આસામ અને મેઘાલયમાં સપ્તાહ દરમ્યાન ૪૦ ઈંચ જેવો અતિ ભારે વરસાદ થઈ ગયો છે. આ સિવાય મણીપુર, ત્રિપુરા, સિક્કીમ અને પશ્ચીમ બંગાળમાં પણ ભારે વરસાદ થયો છે. તેઓએ જણાવ્યું કે ચોમાસાના વરસાદમાં બહુ મોટી ખાધ નથી તે સારી નિશાની છે પરંતુ વરસાદ વિનાના દિવસોની સંખ્યા વધી રહી છે અને ચોક્કસ ભાગોમાં અત્યાધિક વરસાદની માત્રા પણ વધી રહી છે જે ચિંતાજનક છે. આગામી ચાર-પાંચ દિવસ હજુ પવનની દિશા બદલે તેમ નથી. સમગ્ર ભારતમાં વરસાદની ખાધ ૧૮ ટકા છે અને તેમાં સૌથી વધુ ૩૧ ટકાની ખાધ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છતીસગઢ, ઝારખંડ અને ઑરીસ્સા જેવા મધ્ય ભારતમાં આવતા રાજ્યોમાં છે. આ રાજ્યોમાં કૃષિ ક્ષેત્રને પણ અસર થવા લાગી છે. વાવેતર સરેરાશ કરતાં ઘણું ઓછુ છે.

# શિંદે જૂથનાં ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવાની રણનીતિ : શિવસેનાનાં બે ફાડીયા થશે

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા. ૨૫

શિવસેનાના નેતા એકનાથ શિંદેના બળવાના કારણે મુશ્કેલીમાં ફસાયેલી મહારાષ્ટ્ર સરકારને બચાવવા માટે દિગ્ગજોએ પૂરી તાકાત લગાવી દીધી છે. મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે રાજીનામું નહીં આપે પરંતુ એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં બળવાને કારણે ઊભી થયેલી રાજકીય કટોકટીને કારણે વિધાનસભામાં ફલોર ટેસ્ટનો સામનો કરવો પડશે. 'માતોશ્રી' ખાતે ઉધ્ધવ અને એનસીપી વડા શરદ પવાર વચ્ચેની બેઠકમાં વ્યૂહરચના ઉપર સહમતિ બની છે. શિવસેનાના સાંસદ સંજય રાઉતની હાજરીમાં માતોશ્રી ખાતે સરકારને બચાવવાના ઉપાયો ઉપર ચર્ચા કરવા માટે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય પ્રધાન અને મહા વિકાસ અઘાડીના વરિષ્ઠ નેતાઓ આ તકનો ઉપયોગ બળવાખોર નેતાઓ અને તેમના સમર્થકો ઉપર હુમલો કરીને વિધાનસભાના નીચલા ગૃહમાં તેમની બહુમતી સાબિત કરવા માટે કરશે. દરમ્યાનમાં બળવાખોર શિંદે જૂથનાં શિવસેનાનું અલગ જૂથ રચવાની કાર્યવાહી શરૂ કરી છે તેથી શિવસેનાનાં બે ફાડીયા થઈ જવાનાં સંજોગો સર્જાયા છે.

## વિધાનસભાનાં ડે. સ્પીકરનાં હાથમાં સમગ્ર મામલો

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા.૨૫

મહારાષ્ટ્રમાં ચાલી રહેલ સત્તાના મહાસંગ્રામ વચ્ચે હવે સંબંધિત તમામની નજર વિધાનસભા ઉપાધ્યક્ષ નરહરિ ઝિરવાલના વલણ ઉપર છે. ખરેખર તો આ સમગ્ર વિવાદનું નિરાકરણ તેમણે જ લાવવાનું છે. ઝિરવાલે જો એકનાથ શિંદેને આગેવાની વાળા બળવાખોર ધારાસભ્યોના જૂથને અલગ જૂથ તરીકે માન્યતા આપશે તો રાજયની મહાવિકાસ અઘાડી સરકાર ભૂતકાળ બની જશે.

મુખ્યમંત્રી ઠાકરે માટે પણ પોતાનો પણ બચાવ કરવો મુશ્કેલ બની જશે. આનાથી ઉલટુ જો ઝિરવાલે બળવાખોર ધારાસભ્યોના જૂથને ગેરલાયક ઠરાવી શકે છે. દર વખતે આવી મુશ્કેલી નિવારવાની જવાબદારી વિધાનસભા અધ્યક્ષની જગ્યાએ ઉપાધ્યક્ષની ભૂમિકા સર્વોપરી બનશે. આમ એટલા માટે બન્યુ છે કે નાના પટોળે કોંગ્રેસ અધ્યક્ષ બન્યા પછી તેમણે અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યા પછી ઝિરવાલ જ સદનના સંચાલનની જવાબદારી સંભાળે છે.

વિધાનસભા ઉપાધ્યક્ષ સૌ પહેલા એ નક્કી કરશે કે બળવાખોર જૂથને અલગ જૂથ તરીકે માન્યતા આપવી કે ઉધ્ધવની માંગણી મુજબ કેટલાક ધારાસભ્યો ઉપર કાર્યવાહી કરીને ચૌધરીને સદનના નેતા જાહેર કરવા. પહેલી પરિસ્થિતિમાં બળવાખોર ધારાસભ્યોને અલગ જૂથના રૂપમાં માન્યતા મળતા જ ઉધ્ધવ સરકાર લઘુમતિમાં આવી જશે. અને જો કેટલાક ધારાસભ્યો સામે કાર્યવાહી કરશે તો બળવાખોર જૂથ તેની સામે કોર્ટમાં જઈ શકે

# ચોમાસુ સારૂ રહેશે તો મોંઘવારી ઘટવાની રીઝર્વ બેંકને આશા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૫

મોંઘવારીને અંકુશમાં લેવાના શ્રેણીબધ્ધ પગલા લેવામાં આવ્યા હોય છતાં પણ આમ આદમીએ આગામી ડીસેમ્બર સુધી તેનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે તેવા રિઝર્વ બેંકના ગર્ભિત ઈશારા વચ્ચે એવો પણ સંકેત આપવામાં આવ્યો છે કે ચોમાસુ સારુ રહેવાના સંજોગોમાં ધિરાણ નીતિને સરળ બનાવવામાં અનુકુળતા રહેશે.

રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર માઈકલ દેબવ્રત પાત્રાએ કહ્યું કે ભારતની આર્થિક-ધિરાણ નીતિના પગલા વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ઘણા ઉદાર હશે અને આગામી બે વર્ષમાં મોંઘવારીને નિર્ધારિત લક્ષ્યાંકમાં લઈ લેવામાં સફળતા મળશે. સારા ચોમાસાના કારણે ખાદ્યચીજોના ભાવો નીચા આવી જવાના સંજોગોમાં ધિરાણ નીતિ નિયંત્રિત કરવામાં વ્હેલી તકે સફળતા મળશે. ચોમાસુ સારુ જવાના સંજોગોમાં કૃષિ ઉત્પાદન સારુ થઈ શકે અને તેના કારણે અનાજ સહિતની ખાદ્યચીજોના ભાવો નીચા આવી શકે.

# ગુજરાત રમખાણો અંગે વડાપ્રધાન મોદી ઉપર આક્ષેપ કરનાર લોકો માફી માંગે : અમિત શાહ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫

ગૃહમંત્રી અમિત શાહે આજે ૨૦૦૨ના ગુજરાત રમખાણો ઉપર પોતાનું મૌન તોડ્યું છે. ન્યૂઝ એજન્સીને આપેલ એક ઈન્ટરવ્યુમાં અમીત શાહે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં, કોર્ટની કાર્યવાહી દરમ્યાન મીડિયા, એનજીઓ અને રાજકીય પક્ષોની ભૂમિકા વિશે વાત જણાવી હતી.

શાહે કહ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદાએ સિદ્ધ કરી દીધું છે તત્કાલીન ગુજરાત સરકાર ઉપર લગાવાયેલા તમામ આરોપ રાજકીય રીતે પ્રેરિત હતા. સંપૂર્ણ કાયદાકીય પ્રક્રિયા દરમ્યાન નરેન્દ્ર મોદીએ કોઈ નિવેદન આપ્યું ન હતું. અમે કાયદાકીય પ્રક્રિયામાં સતત સહયોગ કર્યો. જે લોકોએ પણ મોદીજી ઉપર આરોપ લગાવ્યા હતા, તેઓએ ભાજપ અને મોદીજીની માફી માંગવી જોઈએ. તેઓએ કહ્યું કે પીએમ મોદીએ હંમેશા ન્યાયતંત્ર ઉપર વિશ્વાસ રાખ્યો છે.

અમિત શાહે પીએમ મોદીનો ઉલ્લેખ કરતા કહ્યું કે દેશના આટલા મોટા નેતા એક પણ શબ્દ બોલ્યા વિના તમામ દુઃખોને ભગવાન શંકરની જેમ ઝેરનો ઘુંટડો ગળામાં રાખીને લડતા રહ્યા. આજે જ્યારે આખરે સત્ય સોનાની જેમ ચમકતું બહાર આવ્યું છે, ત્યારે આનંદ થશે જ. તેમણે કહ્યું હતુ કે મેં ખૂબ નજીકથી પીએમ મોદીને આ દર્દ સહન કરતા જોયા છે. તમામ સત્ય જાણતા હોવા છતાં ન્યાયિક પ્રક્રિયા ચાલુ હતી, માટે અમે આ કંઈ કહીશું નહીં તે સ્ટેન્ડ ઉપર કોઈ મજબુત મનનો માણસ જ રહી શકે.

# ડે. સ્પીકરને હટાવવાની માંગણી સાથે શિંદે જૂથ સુપ્રિમ કોર્ટનાં દ્વાર ખખડાવશે

મુંબઈ તા. ૨૫ : મહારાષ્ટ્રમાં સત્તા સંઘર્ષ માટે શરૂ થયેલી લડાઈ હવે કોર્ટરૂમ તરફ જઈ રહી હોવાના સ્પષ્ટ સંકેતો મળે છે. મહાવિકાસ અઘાડી અને બાગી નેતા એકનાથ શિંદે એકબીજાને પાડી દેવા અને લાંબી લડાઈ લડવા માંગતા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. શિવસેના બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની તૈયારી કરી રહ્યું છે તો બીજી તરફ બાગી નેતાઓએ ડે.સ્પીકરને હટાવવાની માંગણી કરી છે. તેઓનું કહેવું છે કે, ડે.સ્પીકર પાસે ગેરલાયક ઠરાવવાની સત્તા જ નથી.

શિવસેનાના બાગી નેતાઓની સંખ્યા વધી રહી છે અને તેમની સાથે કેટલાક અપક્ષો પણ જોડાઈ રહ્યા હોવાથી શિવસેનાએ તેઓને ગેરલાયક ઠેરવવાની રણનીતિ અપનાવી છે અને એ રીતે પોતાની તથા સત્તારૂઢ જોડાણનો બચાવ કરી રહ્યું છે. શિવસેનાએ શિંદે સહિત ૧૨ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માંગણી કરી છે. આ અંગેની અરજી પણ તેણે ડે.સ્પીકરને આપી છે.

શિવસેના અને એનસીપી આ બાબતે ભેગા થયા છે અને તેઓએ નક્કી કર્યું છે કે, પહેલા શિંદે જુથના સભ્યોને ગેરલાયક ઠરાવવા અને પછી બાકીનાને ધાક-ધમકી આપી ઉધ્ધવ કેમ્પમાં લાવી દેવા.

શિંદે કેમ્પે ગુરૂવારે ઝિરવાલને ડેપ્યુટી સ્પીકર પદેથી હટાવવા માટે નોટિસ ઓફ મોશન મોકલ્યું હતું, એમ સૂત્રોએ જણાવ્યું હતું. શિંદે કેમ્પે દાવો કર્યો છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ, ડેપ્યુટી સ્પીકર તેમની ગેરલાયકાત અંગે કોઈ ચુકાદો આપી શકતા નથી. શુક્રવારે બે અપક્ષ ધારાસભ્યોએ પણ ડેપ્યુટી સ્પીકરને પત્ર લખીને કહ્યું હતું કે તેઓ સેનાના ધારાસભ્યોને તેમના હટાવવાની નોટિસ બાકી હોય તેમને ગેરલાયક ઠેરવી શકે નહીં. શિવસેના અને એનસીપી એ વાતથી વાકેફ છે કે ગેરલાયકાતની અપીલને કાયદાકીય પડકારોનો સામનો કરવો પડશે, પરંતુ તેઓ તેનો સામનો કરવા તૈયાર છે.

# ઉના તાલુકાનાં ડેસર ગામની સરકારી પ્રા.શાળામાં મધ્યાહન ભોજનમાં ગરોળી નીકળી : વિદ્યાર્થીઓનાં જીવ જોખમમાં મુકાયા

ઊના તા. ૨૫

ઊનાના ડેસર ગામે સરકારી પ્રાથમીક શાળામાં પ્રવેશત્સવની એક તરફ ઉજવણી ચાલુ રહી હતી. અધિકારી, પદાધિકારીઓ છાત્રોને પ્રવેશ અપાવી સરકારના ગુણગાન ગાઈને રવાના થયા અને થોડી મિનીટોમાં બાદ જ આ શાળામાં છાત્રોને મધ્યાહન ભોજન પીરસવામાં આવતા અને દાળ ઢોકળીની રસોઈમાં ગરોળીનું બચ્ચુ નિકળતા ધો-૬ની વિદ્યાર્થીનીએ ભોજનમાં આવેલી ગરોળીનું બચ્ચા વાળુ ભોજન લઈ આજ શાળાના આચાર્યને બતાવતા તે પણ ચોકી ઉઠ્યા હતા.અને આ વાત ગામના આગેવાનો અને વાલીઓ સુધી પહોચતા સરપંચે મામલતદાર, ટીડીઓને જાણ કરતા ઊના સીએચસી કેન્દ્રના આરોગ્ય અધિકારીને તપાસના આદેશ કરતા છાત્રોની આરોગ્ય બાબતની તપાસ માટે તુરંત ટીમ ડેસરની સરકારી પ્રાથમિક શાળાએ દોડી ગયેલ હતી. અને બાળકોની તપાસ કરતા તમામ છાત્રો ભય મુક્ત હોવાથી રાહતનો શ્વાસ લીધો હતો. ડેસર ગામની સરકારી પ્રા.શાળામાં પ્રવેશમહોત્સવ નિમીતે તાલુકા વિકાસ અધિકારી જાડેજા તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ હાજર હોય અને શાળામાં કાર્યક્રમની સાથે શાળાની સુવિધાઓ અને ગુણવતા બાબતે પણ તપાસ કરવાની થતી હોય છે. અધિકારીઓ હાજર હોવા છતાં મધ્યાહન ભોજનનું રસોય મેનું તપાસ કરવુ જોઈએ અને બનેલી રસોઈનો ટેસ્ટ પણ કરવી જોઈએ તે કેમ ન કરી ? તે બાબત લોકોમાં સવાલો ઉઠવા લાગ્યા હતા.

સરકારી શાળાઓમાં અપાતા મધ્યાહન ભોજનમાં વારંવાર હલકી ગુણવતાના અનાજ તેમજ શાકભાજીનો ઉપયોગ લેવાતો હોય અને રસોડામાં બનતા ભોજન વખતે રખાતી બેદરકારીના કારણે જીવજંતુઓ રસોઈ તૈયાર કરતી વખતે પડી જતી હોય તેવી અવાર નવાર અનેક ફરીયાદો ઉઠવા પામતી હોવા છતાં તંત્ર દ્વારા કોઈજ કોર્યવાહી હાથ ધરવામાં આવતી ન હોવાના કારણે છાત્રોના જીવ જોખમમાં મુકાતા હોય છે.

# અમેરીકાની સુપ્રિમ કોર્ટે ગર્ભપાત અંગે આપેલા ચુકાદાને બાઈડને ભુલ ભરેલો ગણાવ્યો

વોશિંગ્ટન તા. ૨૫

અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક રો વિ. વેડના ચુકાદાને ઉલટાવીને 'દુઃખદ ભૂલ' કરી છે. બિડેનનું નિવેદન સુપ્રીમ કોર્ટે ગર્ભપાત માટેના બંધારણીય રક્ષણને ફગાવી દીધા પછી આવ્યું છે. તેમણે કહ્યું, 'કોર્ટે એવું કંઈક કર્યું છે જે તેણે પહેલાં ક્યારેય કર્યું નથી. સુપ્રિમ કોર્ટે સ્પષ્ટપણે બંધારણીય અધિકાર છીનવી લીધો છે જે ઘણા અમેરિકનો માટે મૂળભૂત અધિકાર પણ છે.' મને લાગે છે કે સુપ્રીમ કોર્ટનું એક દુઃખદ પગલું છે. 'તે એક ભૂલ છે.' રાષ્ટ્રને સંબોધતા તેમણે કહ્યું કે કોર્ટના નિર્ણયે અમેરિકાને ૧૫૦ વર્ષ પાછળ ધકેલી દીધું છે.

યુ.એસ.ની સુપ્રીમ કોર્ટે રો વિ. વેડ કેસમાં ઘણા વર્ષો પહેલાના નિર્ણયને ઉથલાવીને ગર્ભપાત માટેના બંધારણીય રક્ષણને ફગાવી દીધું છે. સુપ્રિમ કોર્ટનાં ચુકાદાને કારણે લગભગ અડધા રાજયોમાં ગર્ભપાત ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે તેવી શક્યતા છે.


ગાયત્રી કલીનીક
ડો. એ આર. સિસોદિયા
B.A.M.S.
ફેમેલી ફિઝીશ્યન & સર્જન
Mo. : 96388 21629

સ્માઈલ-ઓન ડેન્ટલ કેર
ડૉ. હેમાંગી ભુવા
(B. D. S.)
Mo. 91067 02150

ગાયત્રી કિલનીકલ લેબોરેટરી
વિશાલ આસોદરીયા
(B.Sc. P. G. D.M.L.T.)
Mo. 99042 18257

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ખાસ ઓફર... ખાસ ઓફર... ખાસ ઓફર...
અષાઢી બીજ સુધીમાં બુક કરાવનારને રૂા. 3000/- કેશબેક આપવામાં આવશે


હવે જૂનાગઢમાં પણ દિવા ઈ-બાઈક
આપણા જ ગુજરાતની વિશ્વાસપાત્ર કંપની દિવા ઈ-વ્હિકલ્સ હવે આપના આંગણે
ઈ-બાઈકની વિશેષ સુવિધાઓ
● આકર્ષક સ્ટાઈલીશ ડીઝાઈન
● રીમોટ કંટ્રોલ દ્વારા સ્ટાર્ટ
● ટ્યુબલેશ ટાયર
● ડીઝીટલ સ્પીડોમીટર
● આકર્ષક લાઈટ
● રિવર્સ ગીયર
● ડિસ્ક બ્રેક
● પાવરફુલ મોટર
● રીમોટ લોક
જય દ્વારકાધીશ ઈ-બાઈક
ગેલેકસી કોમ્પ્લેક્ષ, ભરાડ વિદ્યા મંદિરની સામે, મધુરમ બાયપાસ, વંથલી રોડ, જૂનાગઢ
મો. ૮૪૬૦૦ ૨૦૩૨૧ / ૮૪૬૯૮ ૪૩૮૮૮

ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# મહારાષ્ટ્રમાં ગૂંચવાયેલું રાજકીય કોકડું

હાલમાં મહારાષ્ટ્રનું રાજકીય સંકટ કબીરનો એક દોહો યાદ અપાવે છે - સંસારી સી પ્રીતડી, સરૈ ન એકો કામ, દુવિધા મેં દોનોં ગયે, માયા મિલી ન રામ. અત્યારે મહારાષ્ટ્રના સૌથી મોટા રાજકીય ચહેરા શિવસેનાના અધ્યક્ષ, રાજ્યના સીએમ ઉધ્ધવ ઠાકરેની નિયતિ કંઈક આવી જ થઈ ગઈ છે. હાલત એવી છે કે, ક્યારેક ભાજપને નીચી દેખાડવા માટે શિવસેનાને 'સેક્યુલર શિવસેના' બનાવવાની તેમની રણનીતિનાં ઘાતક પરિણામ દેખાઈ રહ્યાં છે. તેમની મહારાષ્ટ્ર સરકાર તો ખતરામાં છે જ, તેમના પિતા હિંદુ હૃદય સમ્રાટ બાલા સાહેબ ઠાકરેના વારસાને પણ તેઓ બચાવી શકશે કે કેમ તેમાં શંકા છે. તેમણે પોતાના ધારાસભ્યો તો ગુમાવ્યા જ, પોતાના સમર્પિત કાર્યકર્તા પણ ગુમાવી રહ્યા છે. રાજકીય ટીકાકારો એ વાતે હેરાન છે કે, શિવસેનામાં અત્યાર સુધીનો સૌથી મોટો બળવો થયો છે પરંતુ શિવસેના કાર્યકરો ચૂપ છે ! શિવસૈનિકોનો આવો સ્વભાવ ક્યારેય જોવા નથી મળ્યો, જેવો અત્યારે જોવા મળી રહ્યો છે. સામાન્ય શિવસૈનિકો સડક ઉપર આવીને એકનાથ શિંદેનો વિરોધ કરવાને બદલે ટીવી ઉપર રાજકીય ઘટનાક્રમ જોઈ રહ્યા છે ! યાદ કરો, ૧૯૯૧માં જ્યારે છગન ભુજબળે બાલ ઠાકરે વિરૂધ્ધ વિરોધનું બ્યૂગલ બજાવ્યું હતું અને કોંગ્રેસમાં જવાનો નિર્ણય કર્યો હતો ત્યારે શિવસૈનિકોએ તેમના ઘર ઉપર હુમલો કરી દીધો હતો. ભુજબળને ખેદાન-મેદાન કરી નાખ્યું હતું અને એમના ઉપર હુમલો પણ કર્યો હતો. એ જ રીતે ૨૦૦૫માં જ્યારે નારાયણ રાણેએ બળવો કર્યો તો શિવસેના કાર્યકર્તાઓ તેમના વિરૂધ્ધ પણ સડક ઉપર ઉતર્યા હતા. ત્યાં સુધી કે શક્તિશાળી નેતા કહેવાતા રાજ ઠાકરેએ જ્યારે શિવશેના છોડી ત્યારે શિવસૈનિકોએ તેમના વિરૂધ્ધ પણ મોર્ચો ખોલી દીધો હતો. રાજ ઠાકરેએ ત્યારે ભૂમિગત થવું પડ્યું હતું. પરંતુ એકનાથ શિંદે વિરૂધ્ધ શિવસેના નેતા તો દૂર, શિવસૈનિકો પણ કોઈ નિવેદન નથી આપતા અને ના આંદોલન થઈ રહ્યું છે. અસલમાં કહેવાઈ રહ્યું છે કે, ઉધ્ધવ મુખ્યમંત્રી બન્યા બાદ શિવસેનાની કોંકણ લોબીએ ઠાકરે પરિવારની ચારેબાજુ ઘેરો બનાવી દીધો હતો. શિવસેનાના કોઈ નેતા તેમને મળી નહોતા શકતા. ત્યાં સુધી કે એકનાથ શિંદેને પણ સાઈડલાઈન કરી દેવાયા હતા. જોકે, કાર્યકર્તાઓનું સડક ઉપર ન ઉતરવું જો એક સંકેત તરફ ઈશારો કરે છે કે ઉધ્ધવ ઠાકરે દ્વારા ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીનાં પરિણામો બાદ ભાજપનો સાથ છોડી એનસીપી અને કોંગ્રેસ સાથે ગઠબંધન કરવું શિવસૈનિકોને ગમ્યું ન હોતું. તેનાથી પણ મોટી વાત મુખ્યમંત્રી તરીકે અઢી વર્ષના કાર્યકાળમાં ઉધ્ધવે જે કંઈ કર્યું તેનાથી પણ કાર્યકર્તાઓ ખુશ ન હતા. કહેવાય છે કે, ઉધ્ધવ ઠાકરે મંત્રાલય જતા જ નહીં અને સત્તાનું કેન્દ્ર રહેનાર વર્ષા બંગલો તેમના કાર્યકાળમાં સૂનો રહેતો હતો. ટૂંકમાં ઉધ્ધવ ઠાકરેની ઉદાસીનતાથી શિવસેના કાર્યકર્તાઓ પણ ઉદાસીન થઈ ગયા. તેમને લાગતું હતું કે, બાલ ઠાકરેએ જે છોડને સીંચીને વટવૃક્ષ બનાવ્યો હતો, તેને ઉધ્ધવ ઠાકરે કરમાવી રહ્યા છે. ત્યારબાદ શિવસેનામાં બળવાના સૂર ઉભરતા રહ્યા અને ઉધ્ધવને ખબર પણ ન પડી. મહારાષ્ટ્રમાં ૧૯૮૭માં શિવસેના-ભાજપ ગઠબંધનમાં શિવસેના હંમેશાં મોટાભાઈની ભૂમિકામાં રહી, પરંતુ ૨૦૧૪માં ભાજપ સાથે ચૂંટણી તાલમેલ ન થવાથી તેના ધારાસભ્યોની સંખ્યા ઘટી ગઈ. ભાજપના નાના ભાઈ બનવું ઉધ્ધવને મંજૂર ન હતું. છતાં ચૂંટણી બાદ બનેલા ભગવા ગઠબંધનમાં ધારાસભ્યોનો સંભવિત બળવો રોકવા માટે તેમણે ન ઈચ્છવા છતાં પણ નાના ભાઈની ભૂમિકામાં આવવું પડ્યું. તેનાથી ઉધ્ધવના ઘમંડને જબરદસ્ત આઘાત લાગ્યો. તેને તે ભૂલી ન શક્યા. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં જ્યારે ભાજપની સીટો ૧૨૨થી ઘટીને ૧૦૬ થયા બાદ તેમને અપમાનનો બદલો લેવાનો મોકો મળી ગયો. ભાજપ-શિવસેના ગઠબંધને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ચૂંટણી લડી હતી, તેમ છતાં તેમણે ભાજપ સામે અઢી-અઢી વર્ષના મુખ્યમંત્રી કાળની શરત રાખી દીધી. દેવેન્દ્ર ફડણવીસને ફરીથી પાંચ વર્ષ માટે મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરી ચૂકેલી ભાજપે તેમની વાત નામંજૂર કરી દીધી અને ગઠબંધન તૂટી ગયું. ત્યારબાદ ભાજપને પાઠ ભણાવવાના ચક્કરમાં ઉધ્ધવ ઠાકરે મરાઠા નેતા શરદ પવારના ચક્રવ્યૂહમાં ફસાઈ ગયા અને કોંગ્રેસ તથા એનસીપી સાથે મહાવિકાસ અઘાડીનું ગઠન કરીને રાજ્યમાં સરકાર બનાવી અને પોતે મુખ્યમંત્રી બની ગયા. કોંગ્રેસ-એનસીપીએ મળીને હિંદુ હૃદય સમ્રાટ બાલ ઠાકરેની શિવસેનાને સંપૂર્ણ રીતે બદલી નાખી. તેને એક સેક્યુલર રાજકીય પાર્ટી બનાવી દીધી જે હિંદુ વિરોધી કાર્યો કરતી જોવા મળી. તેનાથી જે શિવસૈનિક જિંદગીભર હિંદુ રાગ આલાપતો હતો, તે સ્તબ્ધ થઈ ગયો. તેને ઉધ્ધવના નિર્ણયો હજમ નહોતા થતા. શિવસેના ધારાસભ્યોની હાલત તો કાર્યકર્તાઓ કરતાંય ખરાબ હતી. તેઓ જોઈ રહ્યા હતા કે, તેમની સરકાર હિંદુત્વના તરફદારોને જ હડફેટે લઈ રહી હતી અને શિવસેનાની ઈમેજ હિંદુ વિરોધી પાર્ટીની બનતી ગઈ. ધારાસભ્યોને લાગ્યું કે ઉધ્ધવની હિંદુ વિરોધી નીતિ તો તેમની રાજકીય કારકિર્દી જ ખતમ કરી દેશે. તેથી, જન પ્રતિનિધિઓનો શિવસેનામાં શ્વાસ રૂંધાવા લાગ્યો. તેઓ મોકો શોધતા હતા અને વ્યાપક જનાધાર છતાં પાર્ટીમાં સાઈડલાઈન કરી દેવાયેલા એકનાથ શિંદેએ જ્યારે વિરોધ કરવાની પહેલ કરી તો બધા વિધાયકો તેમની સાથે થઈ ગયા. એકંદરે એમ કહી શકાય કે, છદ્મ સેક્યુલરિઝમનો રાગ આલાપવો ઉધ્ધવ ઠાકરેને એટલું મોંઘું પડ્યું કે તેમની શિવસેના તેમના એટલે કે ઠાકરે પરિવારની ચુંગાલમાંથી જ મુક્ત થવાના રસ્તે છે. બાગી નેતા એકનાથ શિંદેના જૂથમાં ૩૭ ધારાસભ્યો થઈ જાય તો બળવાખોરોના જૂથને માન્યતા મળી જશે. તેનો મતલબ એ થશે કે એકનાથ શિંદેના નેતૃત્વવાળી બળવાખોર શિવસેના જ અસલી શિવસેના કહેવાશે અને ઉધ્ધવ જૂથ પોતાનું પરંપરાગત ચૂંટણી ચિન્હ તીર-ધનુષ પણ ગુમાવી દેશે. એકનાથ શિંદેનો બળવો કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ, રાજદ અને એનસીપી જેવા એ રાજકીય પક્ષો માટે ખતરાની ઘંટડી છે, જેના ઉપર એક પરિવાર વિશેષનું વર્ચસ્વ છે. આ બળવાથી શિવસેના હાલમાં ઠાકરે પરિવારની પકડમાંથી મુક્ત થવાના આરે પહોંચી ગઈ છે. જો ઉધ્ધવ ઠાકરે મજબૂરીમાં એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં બની રહેવાનો નિર્ણય કરશે તો તેમનું શિવસેના ઉપર કોઈ નિયંત્રણ જ નહીં રહે અને જો તે એકનાથથી અલગ બીજી પાર્ટી બનાવશે, તો પણ ઠાકરે પરિવાર પોતાનું પરંપરાગત ચૂંટણી ચિન્હ તીર-ધનુષ પણ ગુમાવી દેશે.

# રાજ્યમાં પ્રથમ દિવસે ધો. ૧ માં બે લાખથી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં પ્રવેશ મેળવ્યો

- પ્રથમ દિવસે ૧૯,૧૮૨ મહાનુભાવોએ ૮,૧૩૨ ગામોની ૧૦,૬૦૦ શાળાઓની મુલાકાત લીધી
- ૮૨૩ શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાની શરૂઆત કરવામાં આવી
- રાજ્યની વિવિધ શાળાઓમાં અંદાજે રૂા.૮.૪૬ કરોડના ખર્ચે ૧૪૧ નવનિર્મિત ઓરડાઓનું "લોકાર્પણ કરાયું
- નાગરિકો દ્વારા રોકડ રૂા.૮૭.૯૩ લાખ અને ચીજવસ્તુ સ્વરૂપમાં અંદાજિત કિંમત રૂા.૮.૯૭ કરોડનો લોકસહકાર પ્રાપ્ત થયો
- રાજ્યભરની આંગણવાડી-બાલમંદિરમાં ૪૩,૭૪૮ કુમાર અને ૪૦,૯૮૮ કન્યાઓ મળી કુલ ૮૪,૭૩૬ ભૂલકાઓએ પ્રવેશ મેળવ્યો
- શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની રાજ્ય સરકારની આ મુહિમને ખૂબ સારો જનપ્રતિસાદ
- શાળા પ્રવેશોત્સવને ઉત્સાહજનક વાતાવરણમાં સાચા અર્થમાં લોકોત્સવ બનાવવા બદલ શિક્ષણ મંત્રીએ રાજ્યના નાગરિકો તથા સંસદ સભ્ય, મંત્રીઓ, ધારાસભ્યઓ, પદાધિકારીઓ અને અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૫

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૨૩ થી ૨૫ જૂન ૨૦૨૨ દરમ્યાન ૧૭માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિર્ઘદ્રષ્ટિપૂર્ણ આ પહેલ દ્વારા રાજ્યભરમાં શિક્ષણ ક્ષેત્રે અનેરી ક્રાંતિ જોવા મળી રહી છે ત્યારે આજની સ્થિતિએ રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ જ ઓછો અને એનરોલમેન્ટ રેશિયો લગભગ ૧૦૦ ટકા એ પહોંચવા આવ્યો છે. જે કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના વિઝનની એક વિશેષ સિદ્ધિ ગણી શકાય. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાની મેમદપુર પ્રાથમિક શાળા ખાતેથી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું નેતૃત્વ કરીને રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યમાં શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ ૨,૦૦,૩૯૯ બાળકોએ પ્રાથમિક શાળામાં ધો-૧માં પ્રવેશ મેળવ્યો છે. રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ આપેલી વિગતો અનુસાર રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ ૧૯,૧૮૨ મહાનુભાવોએ ૮,૧૩૨ ગામોની ૧૦,૬૦૦ શાળાઓની મુલાકાત લીધી હતી. આ અભિયાન અંતર્ગત પ્રથમ દિવસે જ મુખ્યમંત્રી, મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રાથમિક શાળામાં ધો.૧માં ૧,૦૧,૬૦૬ કુમારો અને ૯૮,૭૯૩ કન્યા મળી કુલ ૨,૦૦,૩૯૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૪૦૯ કુમાર અને ૨૪૮ કન્યા મળી કુલ ૬૫૭ દિવ્યાંગ બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. મંત્રીએ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને વધુ વેગ આપવા દાન-સહકાર આપનાર નાગરિકોની પ્રશંસા કરતા ઉમેર્યુ હતું કે, શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની રાજ્ય સરકારની આ મુહિમને ખૂબ સારો જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે ત્યારે નાગરિકો દ્વારા રોકડ રૂા.૮૭.૯૩ લાખ(રૂા.૮૭,૯૩,૦૭૨) અને ચીજવસ્તુ સ્વરૂપમાં અંદાજિત કિંમત રૂા.૮.૯૭ કરોડનો(રૂા.૮,૯૭,૪૩,૯૧૧) લોકસહકાર-દાન પ્રાપ્ત થયું છે. એટલે કે રોકડ અને ચીજવસ્તુ સ્વરૂપમાં અંદાજે રૂા.૯.૮૫ કરોડથી વધુની રકમનો લોકસહકાર આ કાર્યક્રમ અંતર્ગત મળ્યો છે. મંત્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ રાજ્યની વિવિધ શાળાઓમાં મળી અંદાજે રૂા.૮.૪૬ કરોડના ખર્ચે ૧૪૧ નવનિર્મિત ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યભરમાં ૮૨૩ શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાની પણ શરૂઆત કરવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવ દરમ્યાન આંગણવાડીમાં નાના ભૂલકાને પણ પ્રવેશ આપવામાં આવે છે. રાજ્યભરની આંગણવાડી-બાલમંદિરમાં ૪૩,૭૪૮ કુમાર અને ૪૦,૯૮૮ કન્યાઓ મળી કુલ ૮૪,૭૩૬ ભૂલકાઓએ પ્રવેશ મેળવ્યો હતો. મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, સમાજમાં દિકરીઓને શિક્ષણ આપવા માટે કેળવાયેલી જાગૃતતા આજે શાળા પ્રવેશોત્સવમાં જોવા મળી છે. ખૂબ જ ઉત્સાહ સાથે દિકરીઓને શાળામાં પ્રવેશ અપાવવા માટે વાલીઓ આવ્યા હતા. સમાજની આ પહેલને હું હૃદયથી આવકારૂ છું. આવી જ રીતે સમગ્ર વર્ષ દરમ્યાન શાળા-શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જોડાણ બની રહે તેવી મારી લાગણી છે. મંત્રીએ જણાવ્યું કે, આવનારા દિવસોમાં પણ ગ્રામજનો તેમજ નગરજનો આ જ ઉત્સાહ સાથે બાળકોના નામાંકન કરાવી રાજયનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે મુહિમમાં જોડાયેલા રહે તેવી મારી અપીલ છે. રાજયભરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં વૃક્ષારોપણ પણ થયા છે. પ્રથમ દિવસે પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સવ અને ઉલ્લાસના વાતાવરણમાં ગામે ગામ થઈ હતી. પ્રસંગને અનુરૂપ સજી-ધજીને ધોરણ-૧માં નામાંકન માટે આવેલા બાળકોને ગામના મુખ્યરસ્તાઓ ઉપર આનંદપૂર્વક ફેરવીને શાળામાં લાવવામાં આવ્યા હતા, જયાં શિક્ષકો, ગ્રામજનો અને આમંત્રિત મહેમાનો દ્વારા તેમનું ખૂબજ ઉમળાકાભેર સ્વાગત કરાયુંહતું. નવનામાંકિત બાળકોના કપાળે તિલક કરવામાં આવ્યા હતાં તથા મીઠાઈઓ અને ચોકલેટ દ્વારા તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. એટલું જ નહિ શાળા એક આનંદદાયક સ્થળ છે તેવો અહેસાસ બાળકોને ઉત્સવના વાતાવરણ સાથે કરાવવામાં આવ્યો હતો. પ્રાથમિક શાળાઓમાં બાળકો ખાસ કરીને કન્યાઓના ૧૦૦ ટકા નામાંકન તથા સ્થાયીકરણ માટે શાળા વ્યવસ્થાપન સમિતિ તથા સ્વ-સહાય જૂથોના ઉત્સાહભર્યા પ્રયાસો અને સહયોગના ગામે ગામ દર્શન થયા હતા. નવનામાંકિત બાળકોને મફત પાઠયપુસ્તકો તથા સ્થાનિક વ્યકિતઓ/સમુદાયો દ્વારા સ્કૂલ બેગ, પાટી-પેન, નોટબૂક, પેન્સિલ, યુનિફોર્મ તથા રમકડા ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં હતાં. તમામ ગામોમાં શાળા કક્ષાએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યાં હતાં, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, વાલીઓ તથા શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો ઉત્સાહભેર જોડાયા હતાં. શાળાપ્રવેશોત્સવને ઉત્સાહજનક વાતાવરણમાં સાચા અર્થમાં લોકોત્સવ બનાવવા બદલ શિક્ષણ મંત્રીએ રાજ્યના નાગરિકો તથા સંસદ સભ્યઓ, મંત્રીઓ, ધારાસભ્યઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાના જનપ્રતિનિધિઓ, પદાધિકારીઓ અને અધિકારીઓનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો છે.

# આકસ્મિક સંજોગોમાં ત્વરિત સારવારની કાળજી રાખતી ગુજરાત સરકાર : રાજ્યનાં નાગરિકોની સેવામાં ૮૦૦થી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન, ૨ બોટ એમ્બ્યુલન્સ અને ૧ એર એમ્બ્યુલન્સ કાર્યરત








(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૫

રાજ્યનાં નાગરિકોની આરોગ્ય કાળજી માટે તત્પર રાજય સરકારે '૧૦૮ એમ્બ્યુલન્સ'ની સેવાને આજે વ્યાપક અને પરિણામલક્ષી બનાવી છે. અગાઉ જ્યારે માત્ર હોસ્પિટલ કે ટ્રસ્ટની એમ્બ્યુલન્સ દ્વારા જ દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં આવતા હતા, તેની સામે આજે રાજયના ખૂણે-ખૂણે ગણતરીની મિનિટોમાં જ એમ્બ્યુલન્સની સેવા ઉપલબ્ધ બનતા લોકો માટે '૧૦૮ એમ્બ્યુલન્સ સેવા' ખરેખર આશીર્વાદ સમાન બની છે. રાજ્યમાં અકસ્માત કે આપત્તિનાં સમયે ઈજાગ્રસ્ત-બીમાર વ્યક્તિઓને તાત્કાલિક સારવાર પૂરી પાડતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ વર્ષ ૨૦૦૭થી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત આયોજન હેઠળ થયો હતો. આગામી ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ૧૦૮ સેવા ગુજરાતમાં ૧૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરશે. જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ અને ગુજરાત સરકારની લોકભાગીદારીથી શરૂ થયેલી આ સેવા આજે વિશ્વાસ અને ચોક્સાઈનો પર્યાય બની છે, જે તમામ પ્રકારની ઈમરજન્સીને પ્રતિસાદ આપવા માટે કટીબધ્ધ છે. સાથે-સાથે તેના કાર્યથી લોકમાનસમાં સંપાદિત થયેલો વિશ્વાસ પણ અભૂતપૂર્વ છે. ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં અદ્યતન મેડીકલ સાધનો, દવાઓ, વેન્ટીલેટર મશીન અને તેની સાથે ટેકનોલોજીનો સમન્વય કર્યો છે. તેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારનાં લોકોને મળે છે. ૧૦૮ સેવાનાં અસરકારક અમલીકરણ માટે રાજયસરકાર દ્વારા હાઈટેક ટેકનોલોજીથી સુસજ્જ એક વિશાળ "ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર" પણ કાર્યરત કરવામાં આવ્યું છે, જેના દ્વારા સતત મોનીટરીંગ કરી નાગરીકોને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટીવંત નેતૃત્વહેઠળ ૧૦૮ દ્વારા મે-૨૦૨૨ સુધીમાં રાજ્યભરમાંથી લગભગ ૧ કરોડ ૩૫ લાખ ૨૧ હજારથી પણ વધુ ઈમરજન્સી હેન્ડલ કરીને જરૂરિયાતમંદને તાત્કાલિક આરોગ્ય સેવા પહોંચાડી છે. આ ઉપરાંત ગુજરાતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પ્રેગ્નન્સી સંબંધિત કેસમાં ૪૫ લાખ ૯૦ હજારથી પણ વધુ ઈમર્જન્સી, રોડ અકસ્માત સંબંધિત ૧૬ લાખ ૮૪ હજારથી વધુ ઈમર્જન્સી તેમજ ૧૨ લાખ ૪૬ હજારથી પણ વધુ લોકોને તાત્કાલિક સારવાર આપીને તેમના જીવ બચાવવામાં આવ્યા છે. વધુમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં કાર્યરત ઈમરજન્સી મેડીકલ ટેક્નીશીયન દ્વારા ૭૬,૫૬૫ મહિલાઓની એમ્બ્યુલન્સ વાનમાં જ તેમજ ૪૨,૫૪૫ મહિલાઓની સ્થળ ઉપર જ સલામત પ્રસૂતિ કરાવીને ઉત્તમ આરોગ્ય સેવાનો દાખલો પૂરો પાડ્યો છે. ટેકનોલોજીનાં માધ્યમથી ૧૦૮ ઈમરજન્સી સેવાનો લાભ નાગરીકોને ઝડપથી આંગળીના ટેરવે જ મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મક્કમ નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા "૧૦૮ ગુજરાત" નામની અદ્યતન મોબાઈલ એપ્લીકેશન પણ કાર્યરત કરવામાં આવી છે. ૧૦૮ ઈમરજન્સી સેવાનું ડિજિટલાઈઝેશન થતા ડિજિટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવામાં પણ ગુજરાતે દેશને નવો રાહ ચીંધ્યો છે. માત્ર ૫૩ એમ્બ્યુલન્સથી શરૂ થયેલી ૧૦૮ની આ આરોગ્યલક્ષી સેવામાં આજે રાજ્યભરમાં કુલ ૮૦૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે. દરિયામાં બિમારી અથવા અકસ્માત સમયે મેડિકલની ઈમરજન્સીમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે પણ રાજ્ય સરકારે નવતર અભિગમ અપનાવીને ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા હેઠળ રાજ્યમાં ૨ બોટ એમ્બ્યુલન્સ કાર્યરત કરી છે. હરહંમેશ નવતર અભિગમો થકી અન્યોને રાહ ચીંધતા ગુજરાત રાજ્યની યશકલગીમાં તાજેતરમાં જ વધારો થયો છે. ૧૦૮ ઈમરજન્સી સેવાનો વ્યાપ વધારવા રાજ્ય સરકાર દ્વારા કટોકટીની પળોમાં તાત્કાલિક સારવાર મળીરહે તે માટે ૨૧મી માર્ચ, ૨૦૨૨ના રોજથી ગુજરાત અને દેશની પ્રથમ એર એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત એર એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં પણ દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું છે. આ ઉપરાંત રાજયભરની ૧૦૮ની ટીમ દ્વારા અકસ્માતના કિસ્સામાં ભોગ બનેલા લોકોના સગાઓને તેમના સ્વજનોની લાખો રૂપિયાની રોકડ સોનાચાંદીના દાગીના સહિતની મોંઘી વસ્તુઓ પરત કરીને પ્રમાણિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યું છે તેમ ૧૦૮ ઈમરજન્સી સેવાના ચીફ ઓપરેટિંગ ઓફિસરની યાદીમાં જણાવાયું છે. અકસ્માત હોય કે આકસ્મિક પ્રસૂતિ કોઈપણ વિપરીત અને અણધાર્યા સંજોગોમાં પણ સૌથી પહેલાં પહોંચીને ૧૦૮ની સેવા દ્વારા રાજ્યમાં અનેક લોકોના જીવ બચાવવામાં આવ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેનું મન, કર્મ અને વચન એક જ છે તે મહાત્મા છે.

- પ.પૂ. રણછોડદાસજી મહારાજ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પાબહમન-૧૩૯૧, મુ. જિલ્કાદ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, જયેષ્ઠ વદ-૧૨, તા. ૨૫જુન ૨૦૨૨, શનિવાર, પારસી તા. ૧૪, મુસ્લિમ તા. ૨૫, ભરણી નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ. ૬:૦૭, સૂ.અ. ૭:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સાંજે ૫:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વષભ: મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન: કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક : માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા : પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક: બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન : માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.
મકર : મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ : વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.
મીન : સંપતિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.

# એનર્જી રેટિંગના નિયમોમાં ફેરફારથી એસીના ભાવ ૭ થી ૧૦ ટકા વધશે

**એસી માટેના એનર્જી રેટિંગના નિયમોમાં આગામી મહિને ફેરફાર થશે જે હેઠળ સ્ટાર રેટિંગને એક લેવલ સુધી કડક બનાવવામાં આવ્યું છે**

નવી દિલ્હી તા.૨૫

મોંઘવારીનો વધુ એક માર સહન કરવા તૈયાર રહેજો. આગામી જુલાઈથી એર કન્ડિશનર (એસી) લગભગ સાતથી ૧૦ ટકા સુધી મોંઘા થઈ શકે છે જેનું કારણ છે એનર્જી રેટિંગના નિયમોમાં ફેરફાર છે. એસી માટેના એનર્જી રેટિંગના નિમયોમાં આગામી મહિને ફેરફાર થશે, જે હેઠળ સ્ટાર રેટિંગને એક લેવલ સુધી કડક બનાવવામાં આવ્યુ છે. જેના પગલે હાલના પ્રોડકટોનું સ્ટાર રેટિંગ એક લેવલ ઘટી જશે. એટલે કે ચાલુ ઉનાળાની સીઝનમાં ખરીદેલા ફાઈલ સ્ટાર રેટિંગ ધરાવતું એસી આગામી મહિનાથી ફોર-સ્ટાર વાળું થઈ જશે. એટલે કે આગામી મહિનાથી જે નવા એસી બનશે, તે હાલના એસીની તુલનાએ વધારે એડવાન્સ અને ઉર્જાનો ઓછો વપરાશ કરનાર હશે. આ નવી ટેકનોલોજીના લીધે એસીની કિંમત ૭થી ૧૦ ટકા સુધી વધી જશે. નવા સ્ટાર રેટિંગ લાગુ થવાથી કંપનીઓ પાસે જે જૂનો સ્ટોક છે, તેનો નિકાલ કરવા કંપનીઓ શક્ય તમામ પ્રયત્નો કરશે અને તે માટે બમ્પર ડિસ્કાઉન્ટ કે ઓફર આપી શકે છે. નવા એનર્જી-રેટિંગના નિયમો એર કન્ડિશનરની ઉર્જા કાર્યક્ષમતામાં લગભગ ૨૦% જેટલો સુધારો કરશે, જે તે પાવર-ગઝલિંગ પ્રોડકટ હોવાને કારણે જરૂરી છે. જૂના સ્ટોકનો નિકાલ કરવા માટે છ મહિનાની મુદત છે, પરંતુ તમામ નવા મેન્યુફેકચરિંગ નવા એનર્જી લેબલ મુજબ હોવું જોઈએ. એસી માટેના એનર્જી રેટિંગના ધોરણો મૂળ રૂપે જાન્યુઆરી ૨૦૨૨માં બદલવાના હતા, પરંતુ ઉત્પાદકોએ છ મહિના મોડો અમલ કરવા વિનંતી કરી હતી જેથી કરીને તેઓ કોરોના મહામારી- લોકડાઉનને કારણે અટવાયેલી છેલ્લા બે વર્ષની ઈન્વેન્ટરીનો નિકાસ કરી શકે. હવે એસબી માટેના સ્ટાર રેટિંગના ધોરણોમાં આગામી ફેરફાર વર્ષ ૨૦૨૫માં થશે.

